વર્ષ ૨૦૧૪-૧૫ આયોજન વર્ષની નવી બાબત અન્વયે
પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય સજ્જતા બાબત (SSA)

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક - પીઆરઈ ૧૪૨૦૧૪-૧૧૬૪/ક
સચિવાલય ગાંધીનગર,
તાઃ-૧૧/૦૮/૨૦૧૪

વંચાણે લીધા

(૧) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ના તા.૧૩/૫/૨૦૧૪ ના પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ચ-૧/નવી બાબત એસએસએ-૧૪-૧૫,૯૩૧-૩૩.
(૨) એસ.એસ.એ.નો તા.૧૫/૭/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃએસએસએ/ફસબ/વહીવટી/મંજુરી/૨૦૧૪-૧૫/૨૨૯૫૧-૯૫૨

ઠરાવ

રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય સજ્જતા હેઠળ લાઈબ્રેરીના વિકાસ માટેના હેતુથી આ સેવાઓ પુરી પાડવા સૈધાંતિક નિર્ણય લેવાયા મુજબ આ અંગે વર્ષ-૨૦૧૪-૧૫ ના વર્ષમાં રૂ-૮૪૫.૫૪/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. આ જોગવાઈને વહીવટી મંજુરી આપવા સંદર્ભ (૧) ના પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રથી કરેલ દરખાસ્ત અનુસાર પુખ્ત વિચારણાને અંતે વર્ષ-૨૦૧૪-૧૫ ના વર્ષમાં ૩૦૦ વિદ્યાર્થીઓ સુધીની ૨૬૪૯૨ પ્રાથમીક શાળાઓને પ્રતિ વર્ષ રૂા.૨૦૦૦/- લેખે રૂા.૫૨૯.૮૪ લાખ અને ૩૦૦ થી વધારે વિદ્યાર્થી ધરાવતી ૬૩૧૪ શાળાઓને પ્રતિ શાળા ૫૦૦૦/- લેખે રૂા. ૩૧૫.૭૦ લાખ મળી કુલ ૮૪૫.૫૪/- લાખ (અંકે રૂપિયા આઠ કરોડ પીસ્તાલીસ લાખ ચોપન હજાર પુર) ની નવી બાબતને ફેરફેર કરેલ અંદાજ પત્ર મુજબ નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

શરતો

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામા સમાવેશ કરવાનો રહેશે.દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે.
(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પ્રર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૬) આ કામ અંગે આ કામના પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

હાલ રાજયની દરેક પ્રાથમિક શાળાઓમાં લાયબ્રેરી પુસ્તકાલની વ્યવસ્થા કરવામાં આવેલ છે.પણ અનુભવે જણાય છે કે, શિક્ષણ વિભાગ તરફથી જે તે શાળામાં વિદ્યાર્થીઓને ફાવે નહિં તેવી ચોપડીઓ વસાવવામાં આવેલ છે.અને જે પુસ્તકો ઉપલબ્ધ છે તે વિદ્યાર્થીઓને અનુરુપ ન હોય વિદ્યાર્થીઓ તરફથી પણ પુસ્તકાલયનો જરૂર જેટલો ઉપયોગ કરવામાં આવતું નથી. આ સંજોગોમાં હાલ આ પુસ્તકો ખરીદવાની કામગીરી શાળા કે એસ.એસ.એ. પોતાની મેળ. ન કરે અને સર્વ શિક્ષા અભિયાન તરયથી કેન્દ્રીયકૃત રીતે પુસ્તકોની પસંદગી કરી તેમના રેટ કોન્ટ્રાકટ બહાર પાડવામાં આવે. જેથી આ રેટ કોન્ટ્રાકટમાં બતાવવામાં આવેલ ચોપડીઓ પૈકી ગમે તે ચોપડીઓ સંબંધિત શાળા ખરીદી શકે.

૨. આ માટે નીચે મુજબની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

(ક) સર્વ શિક્ષા અભિયાન તરફથી ઉચ્ચ ગુણવત્તા અને વિદ્યાર્થીલક્ષી પુસ્તકો માટે ગાંધીનગર મુકામે એક રાજય સ્તરના પુસ્તકોમેળો ઓકટોમ્બર-૨૦૧૪ પહેલાં ગોઠવવામાં આવે. આ પુસ્તક મેળામાં રાજય અને દેશના સારા પ્રકાશકોને બોલાવવામાં આવે અને જરૂર પડે તો આ માટે જાહેરાત પણ કરવામાં આવે.

(ખ) શિક્ષકો અને વિદ્યાર્થીઓની જુદી જુદી-ચાર કમિટીઓ બનાવી તેમના મારફતે વિદ્યાર્થીલક્ષી પુસ્તકોની પસંદગી કરવામાં આવે. આ પસંદગી કરતી વખતે સમિતિએ શાળાના દરેક વર્ગના વિદ્યાર્થીઓને ફાવે તેમ વર્ગવાઇઝ પુસ્તકોની પસંદગી કરે.

(ગ) સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન,જી.સી.ઇ.આર.ટી. અને રાજય સરકારના પુસ્તકાલયના નિયામકશ્રીના પ્રતિનિધિઓ એમ કુલ-૪ સભ્યોની એક કમિટી પસંદગી થયેલ પુસ્તકોનો સાથે વાટાઘાટો કરી પુસ્તક દીઠ ડીસ્કાઉન્ટ નકકી કરી તેમની પડતર કિંમત નકકી કરે. કિંમત નકકી કરતી વખતે રાજય સરકારની અન્ય લાયબ્રેરીમાં જેટલું ડીસ્કાઉન્ટ મળે છે તેના કરતાં ઓછુ ડીસ્કાઉન્ટ ન મળે તે ધ્યાનમાં રાખવાનું રહેશે.

(ઘ) આ પ્રકારની પસંદગી થયેલ પુસ્તકો અને તેના કિંમતના આખા વર્ષ માટે એક રેટ કોન્ટ્રાકટ કરી આ યાદી જે તે જિલ્લાની શાળાઓને ઉપલબ્ધ કરવામાં આવે અને તેમના તરફથી આ યાદી મુજબની જ

પુસ્તકો ખરીદી શકાય.

(ચ) આ સમિતિ તરફથી સમાચારોપત્રો, સાપ્તાહિક અને માસિક પત્રિકાઓની પણ પસંદગી કરવામાં આવે અને જેની યાદી સંબંધીત શાળાને ઉપલબ્ધ કરાવવામાં આવે.

(છ) જી.સી.ઇ.આર.ટી. તરફથી શાળા પુસ્તકાલયના સંચાલન માટે એક વિગતવાર માર્ગદર્શીકા બહાર પાડવામાં આવે. આ ખરીદ કરવામાં આવેલ પુસ્તકોની વ્યવસ્થિત જાણવણી થાય અને વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા અઠવાડીયામાં બે તાસમાં લાયબ્રેરીમાં પુસ્તકોના ઉપયોગ કરવાની તક મળે

આ અંગેનો અર્થ ફેરફાર કરેલ અંદાજપત્રના માંગણી નં -૯ મુખ્ય સદર ૨૨૦૨-૦૧-૧૦૬ માંગણી નં.૯૬ આદિજાતિ વિસતાર માટે ૨૨૦૨-૦૧-૭૯૬-૩૭ અને માંગણી નં. ૯૫ ખાસ અગભૂત યોજના માટે ૨૨૦૨-૦૧-૮૦૦-૦૨ હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા ૧૦/૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

આપનો વિશ્વાસુ

( પી એન બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા